અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

## રાજ્યમાં વધુ ૬૨૪ નવા કેસ : અમદાવાદમાં ૨૧૧ : ગાંધીનગરમાં ૧૫


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૦ | ૨૯ જુન, ૨૦૨૦, સોમવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# વિશ્વમાં કોરોનાના કેસ એક કરોડને પાર

વોશિંગ્ટન,તા.૨૮ દુનિયાભરમાં કોરોના વાયરસના કેસની સંખ્યા એક

### ૫ લાખથી વધુના મોત

કરોડને પાર થઈ ગઈ છે. વર્લ્ડોમીટર મુજબ, મોડી રાત્રે કોરોનાના દર્દીઓની સંખ્યા ૧ કરોડ ૫૨ હજારને પાર થઈ ગઈ હતી. એવા અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યા હતા કે ગરમીમાં વાયરસના પ્રકોપમાં ઘટાડો થઈ શકે છે જો કે આવું કંઈ થયું નથી જૂન માસમાં જ પ્રત્યેક દિવસે સવા લાખથી વધારે કેસ નોંધાયા છે. કોરોનાના ૬૭ ટકા કેસ મેથી જૂનમાં સામે આવ્યા છે.



### ત્રણ મહિનામાં કોરોનાના ૬૭ ટકા કેસ સામે આવ્યા

મે માસમાં દરરોજ લગભગ એક લાખ અને જૂનમાં દરરોજ લગભગ એક લાખ ૩૫ હજાર નવા કેસ સામે આવ્યા છે. ત્યાંજ ૯૦ ટકા કોરોનાના કેસ એપ્રિલ-મે-જૂનમાં નોંધાયા છે.


માર્ચમાં સૌથી વધારે એક લાખ ૯૦ હજારથી વધારે લોકોના મોત થયા હતા. ત્યારે ઈટાલી, ફ્રાન્સ, સ્પેનાં મહામારી પીક પર હતી અને અમેરિકામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો હતો. મે-જૂનમાં કેસ તો વધ્યા પરંતુ તેમાંથી ૬૦ ટકા દર્દીઓમાં કોઈ લક્ષણ દેખાયા નહતા તેથી મૃત્યુઆંક ઘટાડો થયો છે.

દુનિયામાં નાના-મોટા એવા ૩૮ દેશો છે જેમણે કોરોના પર જીત મેળવી લીધી છે અથવા તેની નજીક છે. જયારે તલાવુ, સોલોમન, આઈલેન્ડ જેવા નવ નાના દ્વીપીય દેશો છે જયાં કોરોનાના એક પણ કેસ નોંધાયો નથી. ન્યૂઝીલેન્ડ ગયા અઠવાડિયે કોરોના મુક્ત થયો હતો જો કે ત્યાબાદ હવે ત્યાં પણ નવા કેસ સામે આવ્યા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૦૧૫૬૬૮૮ | ૫૦૨૫૪૭ | ૫૪૧૨૯૬૭ |
| ભારત | ૫૪૭૦૬૪ | ૧૬૪૬૨ | ૩૨૦૯૩૪ |
| ગુજરાત | ૩૧૩૯૭ | ૧૮૦૯ | ૨૨૮૦૮ |
| ગાંધીનગર | ૬૯૪ | ૩૮ | ૪૫૨ |


# દેશમાં કોરોનાનો કાળો કેર : વધુ ૨૦ હજાર કેસ



### છેલ્લા ૨૪ કલાકમાં ૪૧૦ના મોત : કુલ મૃત્યુઆંક ૧૬૦૦૦ને પાર : અત્યાર સુધી ૨,૦૩,૪૮૬ એક્ટિવ કેસ, જ્યારે ૩,૦૯,૭૧૩ દર્દીઓ સાજા થયા

ન્યુ દિલ્હી,તા.૨૮ સમગ્ર દેશ ૩ દિવસ પછી ૧ જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટની આશામાં છે ત્યારે કોરોના મહામારીનો કાળો કેર ઘટવાને બદલે સતત વધી રહ્યો હોય તેમ એક જ દિવસમાં અત્યારસુધીના સૌથી વધુ ૨૦ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અત્યાર સુધી રોજે રોજ ૧૫ હજાર, પછી ૧૮ હજાર અને હવે ૨૦ હજારની આસપાસ કેસો બહાર આવી રહ્યાં છે. દેશમાં ટેસ્ટિંગમાં વધારો કરવાને કારણે દરરોજ રેકોર્ડબ્રેક કેસ સામે આવી રહ્યા છે. આજે રવિવારે સવારે પૂરા તયેલા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોની માહિતી જાહેર કરવામાં આવી ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૧૩૪ નવા કેસ નોંધાયા અને ૪૧૦ લોકો મોત થયા છે. દરમ્યાનમાં મહારાષ્ટ્રમાં ૩ મહિના પછી આજે સલૂન ખૂલ્યા હતા. જો કે વાળ કપાવવા માટે અગાઉથી અપોઈન્ટમેન્ટ લેવી પડશે. ઈન્ડિયન કાઉન્સિલ

● અનુસંધાન પાના - ૭ પર



**આ કોઈ ફિલ્મનું પોસ્ટર નથી... પરંતુ પ્રેરક અને વાસ્તવિક તસવીર છે...**

પિતૃદેવો ભવઃ મંત્ર વાંચ્યો છે... ભણ્યા છીએ... પણ ચરિતાર્થ થતો જોવાનું 'ભાગ્ય' ભાગ્યે જ મળે છે... આ એવી એક પ્રરેક અને વાસ્તવિક તસવીર છે... જેની વાત માંડતા જ હાથ સલામ કરવા પહોંચે, હૃદય થડકે, અને આંખ ભીની થઈ જાય... કલકત્તામાં આવી માનવી દ્વારા ખેંચાતી મુસાફરોને ગંતવ્ય સ્થાને પહોંચાડતી રીક્ષાનું ચલણ છે... આ રીક્ષા ખેંચતી દીકરી કોઈ મુસાફરને લઈને જતી નથી... પરંતુ આ દીકરી કોલકત્તામાં આઈ.એ.એસ.ની પરીક્ષામાં ટોપર છે... જ્યારે રીક્ષામાં બેઠા છે આ રીક્ષાના 'માલિક' આ દીકરીના પિતા છે... જે પિતાએ જીવનભર રીક્ષા ખેંચીને દીકરીને ઉચ્ચશિક્ષણના ગંતવ્ય સ્થાને પહોંચડવા રાત દિવસ પરસેવો પાડ્યો છે... એ પિતાને રીક્ષામાં બેસાડી આઈ.એ.એસ. દીકરીએ સમગ્ર કલકત્તાની સહેલ કરાવી પિતૃઋણ અદા કરતા-કરતા ખુશીની ઉજવણી કરી... સલામ છે દીકરીને અને દીકરીના પિતાને પણ... જેને આ સંસ્કાર આપ્યા...

# ભારતને આંખ દેખાડનારાઓને જડબાતોડ જવાબ મળશે : મોદી

### મિત્રતા નિભાવતા આવડે છે, તો જવાબ આપતાં પણ આવડે છે – મન કી બાત દ્વારા વડાપ્રધાને લદાખના મુદ્દે ચીનને સાફ સાફ સુણાવ્યું

ન્યુ દિલ્હી,તા.૨૮ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



પાકિસ્તાનની જેમ ચીનને પણ તેની જ ભાષામાં જવાબ આપતાં રણટંકાર કરીને જણાવ્યું હતું કે ભારતને મિત્રતા નિભાવતા આવડે છે તો ભારતની તરફ આંખ ઉઠાવીને જોનારાઓની આંખોમાં આંખ મિલાવીને જડબાતોડ જવાબ આપતાં પણ આવડે છે. અને ચીનને લદાખમાં ભારતની સામે આંખ ઉઠાવીને જોવાનો જડબાતોડ જવાબ પણ મળ્યો છે. તેઓ આજે આકાશવાણી રેડિયોના માધ્યમથી તેમના માસિક કાર્યક્રમ મન કી બાતમાં રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યાં હતા ત્યારે તેમના વકતવ્યમાં લદાખની ગલવાન ખીણ પ્રદેશમાં ભારત અને ચીન વચ્ચે થયેલી હિંસક અથડામણ, ભારતના ૨૦ જવાનોની શહીદી, લોકડાઉનની અસરો, પાણી બચાવો સહિત અન્ય મુદ્દા પર બોલી રહ્યાં હતા.

**૨૦૨૦ની અડધી સફર પુરી, પરંતુ લોકોમાં એક જ વાતની ચર્ચા- આ વર્ષ ફટાફટ ક્યારે પતશે, એક સાથે અનેક આફતો સામે લડી રહ્યો છે દેશ : કોરોનાને હરાવવાનો છે અને અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાની છે,લદાખમાં જવાનોની શહાદતને આખો દેશ યાદ રાખશે, ભારતે સંકટને સફળતાની સીડી બનાવી છે, આ સંકલ્પ સાથે આગળ વધીશું તો આ વર્ષ કીર્તિમાન સ્થાપિત કરશે**

દર મહિનાના છેલ્લાં રવિવારે વડાપ્રધાન મોદી ''મન કી બાત'' દ્વારા દેશને સંબોધન કરે છે. એ શ્રૃંખલામાં તેમણે આજે જૂનના છેલ્લાં રવિવારે ફરી એકવાર મન કી બાતમાં સંબોધન કર્યું ત્યારે તેમણે લદાખ ઘટનાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ચીનના દાંત ખાટા કરી નાંખવાના ભારતના મક્કમ ઈરાદાઓનો પડઘો પાડતાં ચીનને ઉદ્દેશીને ભારતે જેમની સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો એ ચીને દગો આપીને ભારતના જવાનોને શહીદ કર્યાના બનાવનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે મન કી બાત કાર્યક્રમમાં લદાખમા શહીદ થયેલા ૨૦ જવાનોને શ્રદ્ધાંજલિ આપીને

● અનુસંધાન પાના - ૭ પર







# ચીન મુદ્દે સંસદમાં ચર્ચા માટે તૈયાર : શાહ

### ચીન મુદ્દે રાહુલ પર શાહના આકરા પ્રહાર : પાકિસ્તાન-ચીનને ખુશ કરતા નિવેદનો ન આપવા જોઈએ, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં બંને યુદ્ધ જીતીશું, સાચાને ખોટી રીતે જોવા કોંગ્રેસનું કામ

નવી દિલ્હી, તા. ૨૮ લદાખ મુદ્દે કેન્દ્ર સરકારની ઘેરાયેલી રાહુલ ગાંધીએ ગૃહમંત્રી અમિત શાહની પ્રતિક્રિયા આપી છે. અમિત શાહે કહ્યું કે તેઓ ચર્ચાથી ડરતા નથી. રાહુલ ગાંધી સંસદમાં ગમે ત્યારે ભારત-ચીન વિશે વાત કરી શકે છે. પરંતુ જ્યારે સૈનિકો ચીનનો સામનો કરી રહ્યા છે, ત્યારે આવા નિવેદનો ન આપવા જોઈએ જેનાથી પાકિસ્તાન અને ચીન ખુશ થશે. આ મુલાકાતમાં અમિત શાહને લદાખની નવીનતમ પરિસ્થિતિ વિશે પણ સવાલ કરવામાં આવ્યા હતા. શાહે આનો જવાબ આપ્યો નહીં, કહ્યું કે હવે આ વિશે વાત કરવાનો યોગ્ય સમય નથી. રાહુલ ગાંધીના શરણાગતિ મોદીના નિવેદન પર અમિત શાહને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ અંગે શાહે કહ્યું, 'સંસદ યોજાવાની છે. ચાલો ચર્ચા કરીએ, આપણે કરીશું. કોઈ પણ ચર્ચાથી ડરતો નથી. ૧૯૬૨ થી આજ સુધી પરિસ્થિતિ બે-બે હાથની હોવી જોઈએ. પરંતુ જ્યારે દેશના સૈનિકો સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે સરકાર વલણ અપનાવીને નક્કર પગલા લઈ

● અનુસંધાન પાના - ૭ પર



## છેલ્લે... છેલ્લે...

- મહારાષ્ટ્રમાં ૩૦ જૂન બાદ પણ છૂટછાટ સાથેનું લોકડાઉન ચાલુ રહેશે.
- કર્ણાટકમાં ૯૯ વર્ષના દાદીએ કોરોનાને મ્હાત આપી.
- સુરતના ડીસીપી વિધી ચૌધરીને કોરોના પોઝિટિવ હોસ્પિટલમાં દાખલ.
- એનઆઈડીના પૂર્વ ડાયરેક્ટર વિકાસ સાતવેલકરનું કોરોનાથી નિધન
- એમેઝોન ઈન્ડિયામાં નવી ૨૦હજારની ભરતી કરાઈ.